| | |
|---|---|
| રજૂ તારીખ | ૦૯/૧૧/૨૦૨૨ |
| દાખલ તારીખ | ૦૯/૧૧/૨૦૨૨ |
| ફૈંસલ તારીખ | ૨૮/૦૮/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |
| | ૦૨ ૦૯ ૧૯ |

**આંક:– ......**

**FORM-A**

**ખેડા જીલ્લાના મહેરબાન ત્રીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુકામ : નડીઆદ.**

**(શ્રી પી. પી. પુરોહીત )**

**ચુકાદાની તારીખ : ૨૬/૦૮/૨૦૨૫**

**સેશન્સ કેસ નં. ૧૯/૨૦૨૩**

[redacted]

| | |
|---|---|
| **ફરીયાદી** | **સરકારશ્રી,** [redacted] |
| **ફરીયાદી તરફે** | **વિ.એ.પી.પી. શ્રી પી.આર.તિવારી** |

**વિરૂધ્ધ**

| | |
|---|---|
| **આરોપી** | **ઠાકોરભાઈ ઉર્ફે જયદીપભાઈ રમણલાલ પરમાર**<br>રહે.ગોબલજ રોહિતવાસ, તા.જી.ખેડા. |
| **આરોપી તરફે** | **વિ.વ.શ્રી એ. આર. વ્યાસ** |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૦૮/૦૬/૨૦૨૨ |
| **એફ.આઈ.આર. ની તારીખ** | ૦૭/૦૯/૨૦૨૨ |
| **ચાર્જશીટ રજુ થયા તારીખ** | ૦૯/૧૧/૨૦૨૨ |
| **તહોમતનામું ફરમાવ્યા તારીખ** | ૨૪/૦૫/૨૦૨૩ |
| **પુરાવાની શરૂઆતની તારીખ** | ૦૯/૦૧/૨૦૨૪ |
| **તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.** | ૨૮/૦૮/૨૦૨૫ |
| **ચુકાદાની તારીખ** | ૨૮/૦૮/૨૦૨૫ |
| **સજાના હુંકમની તારીખ, જો કોઈ હોય તો** | – |
| **આરોપીની માહિતી** | |
| આરોપીનું નામ | **ઠાકોરભાઈ ઉર્ફે જયદીપભાઈ રમણલાલ પરમાર** |
| ધરપકડની તારીખ | ૦૮/૦૯/૨૦૨૨ |
| જામીન પર છુટવાની તારીખ | ૦૧/૧૦/૨૦૨૨ |
| ચાર્જ ફ્રેમ કર્યા મુજબની કલમ | ઈ.પી.કો. કલમ–૩૭૬(૨)(એન) મુજબ |
| નિર્દોષ કે દોષિત | નિર્દોષ |
| સજા લાદવામાં આવી | |
| કલમ 428,Cr.P.C. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો | |

## FORM-C
## પ્રોસીકયુશન/ડીફેન્સ/કોર્ટના સાક્ષીઓની યાદી

**A. પ્રોસીકયુશન**

| અનુ. નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| PW-1 | ભોગ બનનાર | ભોગ બનનાર/ફરીયાદી | ૧૦ |
| PW-2 | રોહિતભાઈ મોહનભાઈ શેનવા | પંચ સાહેદ | ૧૫ |

| | | | |
|---|---|---|---|
| PW-3 | રણજીભાઈ મેલાભાઈ ઠાકોર | પંચ સાહેદ | ૧૭ |
| PW-4 | રાજુભાઈ જયંતીભાઈ ચૌધરી | પંચ સાહેદ | ૨૩ |
| PW-5 | કનુભાઈ મેલાભાઈ પરમાર | પંચ સાહેદ | ૨૪ |
| PW-6 | હિતેષભાઈ હિમ્મતભાઈ ઠાકોર | પંચ સાહેદ | ૨૬ |
| PW-7 | રાજેશકુમાર મગનલાલ ચૌહાણ | પંચ સાહેદ | ૨૭ |
| PW-8 | ડો. મનીષકુમાર ભીખાલાલ પટેલ | મેડીકલ ઓફીસર | ૩૬ |
| PW-9 | ડો. હેતલ ચીનુભાઈ પટેલ | મેડીકલ ઓફીસર | ૪૦ |
| PW-10 | ડો. પતંજલી વિજય દ્વિવેદી | મેડીકલ ઓફીસર | ૪૬ |
| PW-11 | ડો. ઉષાબેન રેવાભાઈ પરમાર | મેડીકલ ઓફીસર | ૫૦ |
| PW-12 | ભોગ બનનારની માતા | સાહેદ | ૫૫ |
| PW-13 | સુરજીતસીંગ ઉર્ફે અજીત સુરેન્દ્રસીંગ શીખ | સાહેદ | ૫૬ |
| PW-14 | વિકાસ બનવારીભાઈ જાગીડ | સાહેદ | ૫૮ |
| PW-15 | જનકસિંહ રામાભાઈ સણોલ | પી.એસ.ઓ. | ૬૦ |
| PW-16 | નિતિનકુમાર મનહરકુમાર પંચાલ | તપાસ કરનાર અમલદાર | ૬૨ |
| PW-17 | રીના ધર્મેન્દ્રસિંહ ચૌધરી | તપાસ કરનાર અમલદાર | ૭૪ |

**B. બચાવપક્ષના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| **રેન્ક** | **નામ–** | **પુરાવાનો પ્રકાર –** |
|---|---|---|
| DW-1 | નથી | નથી |

**C. કોર્ટના સાક્ષીઓ, જો કોઈ હોય તો :**

| **રેન્ક** | **નામ–** | **પુરાવાનો પ્રકાર –** |
|---|---|---|
| CW-1 | નથી | નથી |

**પ્રોસિકયુશન/બચાવપક્ષ/કોર્ટના આંકની સૂચિ.**

## A. પ્રોસીકયુશન :

| | | |
|---|---|---|
| ૧. | ભોગ બનનારની ફરીયાદ | ૧૧ |
| ૨. | સી.આર.પી.સી. કલમ–૧૬૪ નુ નિવેદન | ૧૨ |
| ૩. | પંચનામુ | ૧૬ |
| ૪. | પંચ સ્લીપો | ૧૮ થી ૨૧ |
| ૫. | પંચનામુ | ૨૨ |
| ૬. | પંચનામુ | ૨૫ |
| ૭. | પંચ સ્લીપો | ૨૮ થી ૩૨ |
| ૮. | પંચનામુ | ૩૩ |
| ૯. | ભોગ બનનારની મેડીકલ તપાસ માટેની યાદી | ૩૭ |
| ૧૦. | ભોગ બનનારનુ રુક્ષમણીબેન હોસ્પિટલનુ મેડીકલ સર્ટીફીકેટ | ૩૮ |
| ૧૧. | ભોગ બનનારના રુક્ષમણીબેન હોસ્પિટલના કેસ પેપર્સ | ૩૯ |
| ૧૨. | ખેડા સીવીલ હોસ્પિટલની ટ્રાન્સફર ચીટ | ૪૧ |
| ૧૩. | ભોગ બનનારનુ અમદાવાદ સીવીલનુ મેડીકલ સર્ટીફીકેટ | ૪૨ |
| ૧૪. | ભોગ બનનારના અમદાવાદ સીવીલના કેસ પેપર્સ | ૪૩ |
| ૧૫. | આરોપીની મેડીકલ તપાસ માટેની યાદી | ૪૭ |
| ૧૬. | આરોપીનુ ખેડા હોસ્પિટલનુ મેડીકલ સર્ટીફીકેટ | ૪૮ |
| ૧૭. | મેડીકલ ઓફીસર ખેડા હોસ્પિટલની ટ્રાન્સફર ચીટ | ૫૧ |
| ૧૮. | આરોપીનો ટેસ્ટ કરવા માટેનુ સંમતી પત્ર | ૫૨ |
| ૧૯. | આરોપીનુ અમદાવાદ સીવીલનુ મેડીકલ સર્ટીફીકેટ | ૫૩ |
| ૨૦. | આરોપીના અમદાવાદ સીવીલના કેસ પેપર્સ | ૫૪ |
| ૨૧. | ગુરુનાનક હોટલના રજીસ્ટરના ઉતારાની નકલ | ૫૭ |
| ૨૨. | સીટી પોઈન્ટ હોટલના રજીસ્ટરના ઉતારાની નકલ | ૫૯ |

| | | |
|---|---|---|
| ૨૩. | સ્ટેશન ડાયરીની નકલ | ૬૧ |
| ૨૪. | સી.આર.પી.સી.કલમ–૧૬૪ નુ નિવેદન નોધવા માટે કરેલ યાદી | ૬૩ |
| ૨૫. | ગુરુનાનક હોટલના રજીસ્ટરની નકલ પુરી પાડવા કરેલ યાદી | ૬૪ |
| ૨૬. | એફ.એસ.એલના સબંધિત પેપર્સ | ૬૫ થી ૭૧ |
| ૨૭. | ખેડા ટાઉન પોલીસ સ્ટેશનનુ મેસેજ ફોર્મ | ૭૨ |
| ૨૮. | પી.આઈ. આઈ.યુ.સી.એ.ડબલ્યુ, ખેડાએ એફ.એસ.એલ.ને લખેલ યાદી | ૭૩ |
| ૨૯. | એફ.એસ.એલ. તરફથી આવેલ સીલબંધ સીડી | ૭૮ |

## B. બચાવપક્ષ :

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| 1 | નથી | નથી |

## C. કોર્ટથી આંક :

| **અનુ.નંબર** | **આંક નંબર** | **વિગત** |
|---|---|---|
| 1 આંક C-1/CW 1 | નથી | નથી |

## D. મટેરીયલ ઓબ્જેકટસ :

| **અનુ.નંબર** | **મટેરીયલ ઓબ્જેકટસ નંબર** | **વિગત** |
|---|---|---|
| 1. MO 1 | નથી | નથી |

## :: જજમેન્ટ ::

## (૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત :

આ કામના આરોપી વિરૂધ્ધ ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ધ્વારા ફરીયાદીની ફરીયાદ આધારે ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજી. નંબર–૧૧૨૦૪૦૨૫૨૨૦૩૯૩/૨૦૨૨ ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૭૬(૨)(એન), મુજબના ગુનાનું ચાર્જશીટ નીચેની કોર્ટમાં રજુ કરેલ છે.

**(૧.૧) નામદાર સુપ્રિમ કોર્ટે સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂધ્ધ પુટ્ટા રાજા રિપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૨૦૦૪, એસ.સી. ૪૩૩** માં આપેલ ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદીત કરેલ છે કે ''બળાત્કારનાં કેસમાં ભોગ બનનારનું નામ જજમેન્ટમાં દર્શાવવું જોઈએ નહિં.'' જેથી તે સિધ્ધાંતને આધારે આ કોર્ટે ભોગ બનનારના નામનો ઉલ્લેખ આ જજમેન્ટમાં કોઈ જગ્યાએ કરેલ નથી અને તેણીને ફકત ''ભોગ બનનાર''તરીકે સંબોધેલ છે.

## (૨) આ કામના ગુનાની ટૂંકમાં હકીકત એવી છે કે,

આ કામના આરોપીએ ફરીયાદી/ભોગ બનનારને અવાર નવાર રસ્તામાં મળી હેરાન કરી કહેતા હતા કે તુ મારી સાથે બોલ નહી તો હું તારા પપ્પાએ કરેલ એટ્રોસીટીના કેસમાં સાક્ષી રહેલ છુ તો હું ફરી જઈશ તેમ કહી અવાર નવાર હેરાન કરી અને જો તુ મારી સાથે નહી બોલે તો હું દવા પીને મરી જઈશ અને તારા ઘરવાળાનુ નામ લખીને મરી જઈશ તેમ કહી ફરીયાદી/ભોગ બનનારને ખોટી રીતે મજબુર કરી તા.૦૮/૦૬/૨૦૨૨ ના રોજ ર[redacted]ઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી ન હોવા છતાં તેણીની સાથે બળાત્કાર (સં ભોગ) કરી તેમજ તા.૨૮/૦૬/૨૦૨૨ ના રોજ આરોપીએ ફરીયાદી ભોગ બનનારને કહેલ કે,'' [redacted]મેં મારા મોબાઈલમાં પાડેલ તારે જોવા હોય તો

[redacted] આવી જા'' તેમ કહી ફરીયાદી/ભોગ બનનારને [redacted] પોઈન્ટ ગેસ્ટ હાઉસમાં લઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી વિરુધ્ધ અવાર નવાર બળાત્કાર (સંભોગ) કરી ગુનો કરેલાની ફરીયાદીએ ફરીયાદ આપેલ છે.

## (૩) <u>ચાર્જશીટ તથા કમીટલ પ્રોસીડીંગ :</u>

ઉપર મુજબની ફરીયાદ ફરીયાદીએ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે તપાસના અંતે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬(૨)(એન) મુજબનો ગુનો કર્યાનું જણાતા તપાસના અંતે આરોપી સામે ઉપર મુજબના ગુન્હાનું ચાર્જશીટ ખેડાના એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં દાખલ કરતા તેને ફોજદારી કેસ નં.૫૮૫/૨૦૨૨ આપવામાં આવેલ. આરોપી સામેના આક્ષેપિત ગુન્હો સેશન્સ ટ્રાયેબલ હોય અને તે ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ અદાલતને હોય વિધ્વાન ખેડાના એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિ.પ્રો.કો. કલમ-૨૦૯ અન્વયે સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટ, નડીયાદમાં કમીટ કરવાનો હુકમ કરેલો અને તે મુજબ સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટમાં કમીટ થતા તેને સેશન્સ કેસ નં.૧૯/૨૦૨૩ આપવામાં આવેલો અને નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના ઓફિસ ઓર્ડરથી તેના ન્યાયિક નિર્ણય અર્થે અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવેલો.

## (૪) <u>તહોમતનામુ :</u>

આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૨૮ તળે આંક-૦૭ થી આરોપી સામે તહોમતનામું ઘડી તે આરોપીને વાંચી સંભળાવવામાં આવતા આરોપીએ તેમની સામેના ઉપરોકત તહોમતનામા મુજબનો ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતા તે મતલબનું આંક-૦૮ થી આરોપીનું નિવેદન લેતાં,

આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં, ફરીયાદપક્ષે પુરાવો લેવામાં આવેલ છે.

**(૫)** આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૧ હેઠળ ફરીયાદ પક્ષનો પુરાવો આરોપીઓની રુબરુમાં નોંધવામાં આવેલો. ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ– સી માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**(૬)** આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફથી પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસથી રજુ કરેલી છે.

**(૭)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૩ ને અનુસરીને આરોપી પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય અગર તો બચાવના સાહેદો તપાસવા માંગતા હોય તો તેમ કરવાનો તેમનો કાનૂની અધિકાર છે તે મતલબની સમજ પુરી પાડેલ તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ એકંદરે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાઓ ખોટાં હોવાની હકીકત રજુ કરેલ છે અને તેઓ સામે ખોટો કેસ કરેલ છે અને પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.તેઓ નિર્દોષ છે તેમની સદર કેસમાં ખોટી રીતે સંડોવવામાં આવેલ છે.

**(૮)** સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી. પી. આર. તિવારીનાઓની તેમજ આરોપી તરફે વિ.વ.શ્રી એ.આર.વ્યાસની દલીલો સાંભળી.

**(૯)** ઉપરોકત હકીકત જોતાં મારાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:–

(૧) **શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,** આ કામના આરોપીએ ફરીયાદી/ભોગ બનનારને અવાર નવાર રસ્તામાં મળી હેરાન કરી કહેતા હતા કે તુ મારી સાથે બોલ નહી તો હું તારા પપ્પાએ કરેલ એટ્રોસીટીના કેસમાં સાક્ષી રહેલ છુ તો હું ફરી જઈશ તેમ કહી અવાર નવાર હેરાન કરી અને જો તુ મારી સાથે નહી બોલે તો હું દવા પીને મરી જઈશ અને તારા ઘરવાળાનુ નામ લખીને મરી જઈશ તેમ કહી તેમ કહી ફરીયાદી/ભોગ બનનારને ખોટી રીતે મજબુર કરી તા.૦૮/૦૬/૨૦૨૨ ના રોજ [redacted] હાઉસમાં લઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી ન હોવા છતાં તેણીની સાથે [redacted] કરી તેમજ તા.૨૮/૦૬/૨૦૨૨ ના રોજ આરોપીએ ફરીયાદી ભોગ બનનારને કહેલ કે,'' [redacted] ફોટા મેં મારા મોબાઈલમાં પાડેલ તારે જોવા હોય તો [redacted] આવી જા'' તેમ કહી ફરીયાદી/ભોગ બનનારને [redacted] પોઈન્ટ ગેસ્ટ હાઉસમાં લઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી વિરુધ્ધ અવાર નવાર [redacted] કરી ઈ.પી.કોડની કલમ-૩૭૬(૨)(એન) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે ?

(૨) શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ કારણો સહિત નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો :-**

**<u>મુદ્દા નં. –૧</u>**

**(૧૧)** આ કામના આરોપી વિરુધ્ધ આંક–૦૭ થી ફરમાવેલ તહોમતનામાના આક્ષેપ સાબિત કરવા માટે ફરિયાદપક્ષે રજુ કરેલા પુરવાનું મૂલ્યાંકન નીચે મુજબ કરવામા આવે છે.

**<u>ફરીયાદી/ ભોગ બનનારનો પુરાવો :</u>**

**(૧૨)** આ કામમાં ફરીયાદપક્ષે ફરીયાદી એટલે કે ભોગ બનનાર તેમની આંક–૧૦ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેની જન્મ તારીખ ૦૭/૦૬/૨૦૦૪ ની છે અને તા. ૮/૬/૨૦૨૨ ના રોજ તેણી [redacted] શિવણ કલાસમાંથી છુટીને બહાર નીકળેલ ત્યારે તે વખતે આરોપીએ તેણીને ફોન કરીને જણાવેલ કે, [redacted] રીક્ષામાં બેસીને પહોંચ જેથી તેણી રીક્ષામાં [redacted] પહોચેલી અને ત્યાંથી આરોપીની બાઈક ઉપર બેસી તેઓ બન્ને શંકરાચાર્ય મંદિરે ગયેલા ત્યારબાદ ત્યાંથી ગુરુ નાનક હોટલમાં ગયેલા. આ હોટલમાં તેણીએ તથા આરોપીએ પોતાના દસ્તાવેજો આપેલા ત્યાં આરોપીએ તેણીની મરજી વિરુધ્ધ [redacted] બાંધેલો અને આરોપીએ તેણીના નગ્ન ફોટા પાડેલા અને તેના ફોનમાં રાખેલા હોટલમાંથી બહાર નીકળીને આરોપીએ [redacted] બ્રીજ પાસે ઉતારેલ અને તેણી ત્યાંથી રીક્ષામાં બેસીને તેના ઘરે ગયેલી. ત્યારબાદ છઠ્ઠા મહીનાની ૨૮ મી તારીખે ૨૦૨૨ ના રોજ આરોપીએ ફોન કરીને જણાવેલ કે બારેજા ચોકડી પર આવી જા જેથી તેણી રીક્ષામાં બેસીને [redacted] ચોકડીએ ગયેલ ત્યાં આરોપી મળેલ અને [redacted] ગયેલા અને ત્યાં પણ આરોપીએ તેણીની ઈચ્છા વિરુધ્ધ તેણીની સાથે [redacted] બાંધેલો ત્યારબાદ તેણી રીક્ષામાં બેસી ઘરે જતી રહેલી. તેણીના તમામ દસ્તાવેજો એલ.સી.

આધાર કાર્ડ આરોપી પાસે હતા અને તેણીને જબરજસ્તીથી લવ મેરેજ કરવાનુ કહેતો હતો અને આરોપી તથા તેની માતાએ તેણીને ધમકી આપેલ કે જો તુ આરોપી સાથે લગ્ન નહી કરે તો આરોપી દવા પી લેશે અને તેની માતા ગળે ફાંસો ખાઈ

લેશે અને તેનો આરોપ તેણી ઉપર નાંખશે અને આ હકીકત તેણીએ તેના કાકી તથા મમ્મી પપ્પાને જણાવેલ ત્યારબાદ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૧ થી રજુ કરેલ છે તેમજ આરોપીને ઓળખી બતાવે છે. ભોગ બનનાર વધુમાં જણાવે છે કે, તેણીએ પોલીસને બન્ને હોટલો બતાવેલી તેમજ તેમના કપડા પોલીસને આપેલા તેમજ પોલીસ તેણીને ખેડા કોર્ટમાં લઈ ગયેલી ત્યાં જજ સાહેબે તેણીની જુબાની લીધેલી જેના અંત ભાગમાં તેની સહી ઓળખી બતાવી સી.આર.પી.સી. કલમ–૧૬૪ નુ નિવેદન આંક–૧૨ થી રજુ કરેલ છે તેમજ તેણીને પોલીસ ખેડા સીવીલ હોસ્પિટલ અને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલ. ખેડા સીવીલ હોસ્પિટલમાં ડોકટરે તેણીને કશુ પુછેલ કે કેમ તે તેને યાદ નથી.

**(૧૨.૧)** સદર ભોગ બનનારની આરોપીના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં ''એ વાત ખરી છે કે, આરોપી તેણીના પિતા જયાં નોકરી કરતા હતા ત્યાં શિવણનો કોર્ષ કરવા જતી હતી. તેમજ એ વાત ખરી છે કે, આરોપી તેણીને જબરજસ્તીથી લઈ જાય છે તેવી વિગત તેણીને તેના માતા પિતાને જે તે સમયે જણાવેલી નહી તેમજ આરોપી તેણીને જબરજસ્તીથી લઈ જતો હતો તેવી વિગત તેણીએ તેની ફરીયાદ, વિશેષ નિવેદન તથા સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી તેણીને હાઈવેથી ઘણી વખત ચીરીપાલ કંપની સુધી મુકવા આવતા હતા. એ વાત

ખરી છે કે આરોપી તેણીને મુકવા આવતા હોઈ તેણીના અને આરોપીના વચ્ચે મોબાઈલની આપ–લે થયેલ. વધુમાં તેણીએ જણાવેલ છે કે, તેના ઘરમાં તેણીને કોઈનો ડર લાગતો નથી તેમજ રોજે બનતી વિગતો ઘરમાં કહેવાની ટેવ છે. એ વાત ખરી છે કે, તા.૮/૬/૨૦૨૨ ના બનાવની વાત તેણીને તેજ દિવસે તેના ઘરે કરેલી નહી અને તા.૮/૬/૨૦૨૨ ના બનાવ બાબતે આરોપી વિરુધ્ધ ૨૮/૬/૨૦૨૨ સુધી તેમણે કોઈ ફરીયાદ આપેલી નહી તેમજ તા.૨૮/૬/૨૦૨૨ ના રોજ બનેલ બનાવની જાણ તેણીએ તા.૬/૯/૨૦૨૨ સુધી કોઈને કરેલ નહી. એ વાત ખરી છે કે, તા.૨૮/૬/૨૦૨૨ ની ઘટના અંગે તેણીએ તેના પરીવારજનોને કોઈ ફરીયાદ તા.૬/૯/૨૦૨૨ પહેલા આપેલ નહી. એ વાત ખરી છે કે, તા.૮/૬/૨૦૨૨ ના રોજ તેણી જાતે શટલ રીક્ષામાં બેસીને ગુરૂકુળ ખાતે ગયેલી. [redacted]ચે વધારે અંતર નથી. એ વાત ખરી છે કે કોઈ અજાણી વ્યકિત સાથે હોટલના રુમમાં જવાય નહી તે વાત તેણી જાણે છે. એ વાત ખરી છે કે, ગુરુ નાનક હોટલમાં ગયા બાદ હોટલના રુમમાં પ્રવેશતા પહેલા તેણીને ત્યાં કોઈપણ ઈસમને કોઈ ફરીયાદ કરેલ નહી કે કોઈ હોબાળો કે બુમાબુમ કરેલ નહી. એ વાત ખરી છે કે, [redacted] રુમમાં તેણીએ આરોપીને ધકકો મારેલ હોય કે કોઈ ઘુસા કે લાતો મારેલ હોય કે બચકા ભરેલ હોય કે બચવાની કોશિષ કરેલ હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી છે કે, તા.૮/૬/૨૦૨૨ તથા ૨૮/૬/૨૦૨૨ ના બનાવ બાબતે તેણીએ કોઈ વિગત તેના શિવણ કલાસના કોઈ વિદ્યાર્થીને કે અન્ય કોઈને જણાવેલ નથી. એ વાત ખરી છે કે, [redacted] પણ ત્યાંના સ્ટાફને કોઈ ફરીયાદ કરેલી નહી કે કોઈ બુમાબુમ કરેલી નહી. એ વાત ખરી છે કે, તેણી અને આરોપી એકબીજાને અવાર નવાર મોબાઈલ ઉપર મેસેજ કરતા હતા તેમજ

તેણીએ આરોપી સાથે થયેલ ચેટીંગના પુરાવા પોલીસને આપેલા નથી. [redacted] કેફેમાં તેણીનો જન્મ દિવસ ઉજવેલ ત્યારે તેણીની સાથે અર્ચના હતી એટલુ યાદ છે. બીજુ કોણ હતુ તે યાદ નથી. એ વાત ખરી છે કે, તા.૨૮/૬/૨૦૨૨ ના રોજ હોટલની રુમમાં આરોપીને ધકકો મારી તેણીએ ભાગવાનો પ્રયત્ન કરેલ નહી કે આરોપીને તે વખતે કોઈ લાતો કે ધુસા મારેલ હોય કે બચકા ભરી બચવાનો પ્રયત્ન કરેલ નહી તેમજ હોટલના રુમની બહાર આવ્યા બાદ પણ તેણીએ કોઈ બુમાબુમ કરેલ નહી કે કોઈની મદદ માંગેલ નહી. એ વાત ખરી છે કે હાલમાં તેણીના લગ્ન થઈ ગયેલ છે અને તેની તેની સાસરીમાં રહે છે.

**<u>ભોગ બનનારના પિતાનો પુરાવો :</u>**

**(૧૩)** આ કામમાં ફરીયાદપક્ષે સાહેદ/ભોગ બનનારના પિતા તેમની આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૭/૦૯/૨૦૨૨ ના રોજ મારી દિકરી ભોગ બનનારે જયદીપ ઉર્ફે ઠાકોરભાઈ રમણભાઈ પરમારનાઓ વિરુધ્ધ ફરીયાદ કરેલ તેના ૩–૪ દિવસ અગાઉ મારી ભોગ બનનાર દિકરીએ મને જણાવેલ કે આપણા ગામના જયદીપ ઉર્ફે ઠાકોરભાઈ રમણભાઈ પરમારનાઓ એટ્રોસીટીના કેસનો સાક્ષી હતો તેનો ફાયદો ઉઠાવી તેણે મારી સાથે બે વખત બળાત્કાર ગુજારેલ અને આ જયદીપ તથા તેની માતા લખીબેન દવા પી જવાની અને તમારા ઘરના માણસોના નામ લખી દેવાની ધમકી આપેલ તેવી વિગતો મારી ભોગ બનનાર દિકરીએ મને જણાવેલ ત્યારબાદ હું તથા મારા નાના ભાભી તારાબેન ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ગયેલા અને બનાવ અંગે મારી દિકરીએ આ જયદીપ ઉર્ફે ઠાકોરભાઈ રમણભાઈ પરમારનાઓ વિરુધ્ધ ફરીયાદ આપેલ અને પોલીસે બનાવ સંબંધે મારી પુછપરછ કરેલ.

**(૧૩.૧)** સદર ભોગ બનનારના પિતાની આરોપીના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ કરી

તે સમયે તેમની દિકરી પુખ્ત ઉંમરની હતી તેમજ તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેમની દિકરીને આરોપી સાથે પ્રેમ સંબંધ હતો અને તેમની દિકરી આરોપી સાથે લગ્ન કરવા માંગતી હતી તેમજ તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમની પત્નિ તેમની દિકરીનુ સગપણ આરોપી સાથે કરવા રાજી ન હતી તેમજ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, આરોપી એટ્રોસીટીના કેસનો સાક્ષી હતો તેનો ફાયદો ઉઠાવી તેણે તેમની [redacted] તે વાત તેઓ ખોટી જણાવે છે. તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમની પત્નિ, તેમની દિકરી અને આરોપીના પ્રેમ સંબંધથી માહીતગાર હોઈ તેમની પત્નિ તેમની દિકરી સાથે પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા કે દવાખાને સાથે ગયેલા નહી તેમજ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમની દિકરીના પ્રેમસંબંધથી વિપરીત હાલની ખોટી વિગતોવાળી ફરીયાદ કરાવવાની તેમની દિકરીને ફરજ પાડેલ છે તેમજ તેમણે દબાણ કરીને તૈયાર ફરીયાદમાં તેમની દિકરીની સહી કરાવેલ.

**<u>મેડીકલ પુરાવો :</u>**

**(૧૪)** ફરીયાદપક્ષે સાહેદ ડો. મનીષકુમાર ભીખાલાલ પટેલને આંક–૩૬ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, તા.૦૭/૦૯/૨૦૨૨ ના રોજ તેઓ સીવીલ હોસ્પિટલ, ખેડામાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા ત્યારે ભોગ બનનારને તેમની સમક્ષ મેડીકલ તપાસણી અર્થે લાવેલા તેમણે ભોગ બનનારને તપાસેલા અને તેણીની હીસ્ટ્રી કેસ પેપર્સમાં નોંધેલી તેમજ તેણીની શારીરીક તપાસ કરેલી અને તેના શરીર ઉપરથી નમુના લઈ એફ.એસ.એલ. માં મોકલવા આપેલા તેમજ તે અંગેનુ તેમણે મેડીકલ સર્ટીફીકેટ આપેલુ. જેમાં તેમની સહી ઓળખી બતાવી આંક–૩૮ થી રજુ કરેલ છે તેમજ કેસ પેપર્સ આંક–૩૯ થી રજુ કરેલ છે.

**(૧૪.૧)** સદર ડોકટર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે [redacted] તેમજ એ વાત ખરી છે કે ભોગ બનનારના શરીરે આંતરીક કે બાહ્ય દેખીતી ઈજા જણાયેલ નહી. તેમજ એ વાત ખરી છે કે ભોગ બનનારે તેની સાથે કોઈ જોર જબરજસ્તી થયેલ હોવાનુ જણાવેલ નથી. એ વાત અરી છે કે, ભોગ બનનારને શુ ધમકી આપેલી તેની વિગત જણાવેલી નથી. એ વાત ખરી છે કે ભોગ બનનારે જણાવેલ વિગતો કાલ્પનીક પણ હોઈ શકે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારના જણાવ્યા મુજબની કોઈ હીસ્ટ્રી લખેલ નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે સાહેદ ડો.હેતલ ચીનુભાઈ પટેલને આંક-૪૦થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે,તા. ૮/૯/૨૦૨૨ ના રોજ સીવીલ હોસ્પિટલ અમદાવાદ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા ત્યારે ભોગ બનનારને ખેડા સીવીલની ટ્રાન્સફર ચીટ સાથે ગાયનેક નિષ્ણાંત અભિપ્રાય માટે લાવેલા અને તેમણે ભોગ બનનારને તેજ દિવસે તપાસેલા [redacted] જે અંગેનુ તેમણે સર્ટીફીકેટ આપેલુ જેમાં પોતાની સહી તથા સીકકો ઓળખી બતાવી આંક-૪૨ થી તેમજ ભોગ બનનારના કેસ પેપર્સ આંક-૪૩ થી રજુ કરેલ છે.

**(૧૫.૧)** સદર ડોકટર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે [redacted] તેમજ એ વાત ખરી છે કે ભોગ બનનારના શરીરે આંતરીક કે બાહ્ય દેખીતી ઈજા જણાયેલ નહી. તેમજ એ વાત ખરી છે કે ભોગ બનનારે તેની સાથે કોઈ જોર જબરજસ્તી થયેલ હોવાનુ જણાવેલ નથી. એ વાત ખરી

છે કે ભોગ બનનારે જણાવેલ વિગતો કાલ્પનીક પણ હોઈ શકે. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ભોગ બનનારની તપાસ કરેલ નથી કે ભોગ બનનારના જણાવ્યા મુજબની કોઈ હીસ્ટ્રી લખેલ નથી.

**(૧૬)** ફરીયાદપક્ષે સાહેદ ડો.પતંજલી વિજય દ્વિવેદીને આંક-૪૬ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે,તા. ૯/૯/૨૦૨૨ ના રોજ સીવીલ હોસ્પિટલ ખેડા મુકામે મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આરોપીને ખેડા ટાઉન પોલીસ સ્ટેશનની યાદી સાથે લાવેલા જે યાદી આંક-૪૭ થી રજુ કરેલ છે તેમજ આરોપીને તેજ દિવસે તપાસેલા અને આરોપીની તપાસણી દમ્યાનના શારીરીક અવલોકનો સર્ટીફીકેટમાં નોંધેલા તેમણે આરોપીના શરીર ઉપરથી નમુના લઈ એફ.એસ.એલ.માં મોલકવા માટે પોલીસને આપેલા તેમજ આરોપી તેમની રુબરુ સીમને આપી શકેલ ના હોઈ સીમેન કલેકશન માટે આરોપીને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં રીફર કરેલા તેમજ આરોપીની શારીરીક તપાસણી બાદ તેઓ એવા અભિપ્રાય પર આવેલ કે આરોપી શારીરીક સંબંધ બાંધવા સક્ષમ હતો જે અંગેનુ તેમણે મેડીકલ સર્ટીફીકેટ આપેલુ જેમાં તેમની સહી તથા સીકકો ઓળખી બતાવી આંક-૪૮ થી રજુ કરેલ છે.

**(૧૬.૧)** સદર ડોકટર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, આરોપીની હીસ્ટ્રીમાં આરોપીએ ૩ મહીના દરમ્યાન શરીર સંબંધ થયેલ નહીનુ જણાવેલ. એ વાત ખરી છે કે, આરોપીના શરીર પર કોઈ ઈજાના નિશાન ન હતા. એ વાત ખરી છે કે તેમની તપાસણી દરમ્યાન આરોપીનુ સીમેન કલેકટ થયેલ નહી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે આરોપીની તપાસણી તેમના સહયોગી સ્ટાફે કરેલી તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપીની શારીરીક સંબંધ કરવાની સક્ષમતા અંગેની ખોટી વિગતોનો

આરોપીનો અભિપ્રાય આપેલ છે અને તમેણે આરોપીની તપાસણી અંગેનુ સર્ટીફીકેટ આપેલુ જે આંક–૪૮ થી રજુ કરેલ છે.

**(૧૭)** ફરીયાદપક્ષે સાહેદ ડો.ઉષાબેન રેવાભાઈ પરમારને આંક–૫૦ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે,તા.૨૨/૯/૨૦૨૨ ના રોજ સીવીલ હોસ્પિટલ,અમદાવાદ મુકામે મેડીકલ ઓફીસર તરીકે તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આરોપીને મેડીકલ ઓફીસર ખેડાની ટ્રાન્સફર ચીટ સાથે સીમેન કલેકશન માટે તેમની રુબરુ લાવેલા જે ટ્રાન્સફર ચીટ આંક–૫૧ થી રજુ કરેલ છે તેમજ આરોપીને તેજ દિવસે તપાસેલા અને એકવાર પ્રયત્ન કર્યા બાદ આરોપીનુ સીમેન મેળવી શકાયેલ નહી તેમના તમામ નમુના અને હીસ્ટ્રી ખેડા ખાતે લેવામાં આવેલ તેઓને અહીયા સીમેનના નમુના માટે જ રીફર કરેલા.આરોપીના બાહય ગુપ્તાંગો સામાન્ય હતા અને સેકન્ડરી સેકસ્યુઅલ કેરેકટર સામાન્ય જણાયેલ. ઈલકટ્રોવાઈબ્રેટરી મેથડ ૧૦ મીનીટ સુધી કર્યા બાદ સીમેનનો નમુનો મેળવી શકાયેલ નહી. તેઓના અભિપ્રાય મુજબ એવુ કહી શકાય કે આરોપી સંભોગ કરવા માટે સક્ષમ ન હતો. જે અંગેનુ તેમને સર્ટીફીકેટ આપેલુ જેમાં તેમની સહી તથા સીકકો ઓળખી બતાવી આંક–૫૩ થી રજુ કરેલ છે તેમજ કેસ પેપર્સ આંક–૫૪ થી રજુ કરેલ છે.

**(૧૭.૧)** સદર ડોકટર સાહેદની આરોપીના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, રેડીયોલોજી તપાસણી દરમ્યાન આરોપીને આડઅસર થવાની શકયતા હતી જેથી આરોપીએ સંમતી આપેલ નહી. એ વાત ખરી છે કે, આરોપીના સીમેન સેમ્પલનુ કલેકશન થઈ શકેલ નહી.

**<u>પંચ સાહેદોનો પુરાવો :</u>**

**(૧૮)** ફરીયાદપક્ષે પંચ સાહેદ રોહિતભાઈ મોહનભાઈ શેનવાને આંક-૧૫ થી તપાસેલ છે તેઓ જણાવે છે કે, તા.૧૧/૦૯/૨૦૨૨ ના રોજ પોલીસે મને પંચનામુ કરવા ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે બોલાવેલ. પોલીસ સ્ટેશનથી પોલીસની ગાડીમાં મારી સાથેના બીજા પંચ રાજેશભાઈ શનાભાઈ શેનવા તથા જીનલબને તથા વુ.પો.કો તથા પોલીસના માણસો સરકારી વાહનમાં બેસી ખેડા ટાઉન પોલીસ સ્ટેશનથી નિકળી [redacted] મંદીરની બાજુમાં [redacted] ગયેલ. હોટલના કાઉન્ટર પર એક ઈસમ સુરજીતસિંહ કરીને હાજર હતા તેઓ હોટલના માલીક હોવાનુ જણાવેલ અને પોલીસે આ ઈસમ પાસેથી હોટલનુ રજીસ્ટર માંગેલુ જે રજીસ્ટરમાં તા. ૦૮/૦૬/૨૦૨૨ ના દિવસે એન્ટ્રી નં.૪૭ થી રૂમ નં. ૨૦૧ નો ઉતારો જોતા જે આરોપી તથા ફરીયાદીના નામ નોંધેલ હતા ત્યારબાદ હાજર ફરીયાદી રૂમ નં. ૨૦૧ જે બીજા માળે આવેલ હતી ત્યાં લઈ ગયેલા અને આ રૂમ ખોલીને જોયેલ અને રૂમની સાઈઝ તથા રૂમની અંદરની વસ્તુઓની પંચનામામાં નોંધ કરવામાં આવેલી. ત્યારબાદ ભોગ બનનાર પોતાની સાથે તા. ૨૮/૦૬/૨૦૨૨ ના રોજ સાથે ગયેલ તે બારેજા ખાતે આવેલ ક્રિષ્ના ગેસ્ટ હાઉસનુ નામ જણાવેલુ, જેથી અમો ગુરૂ નાનક ગેસ્ટ હાઉસમાંથી નીકળી ખેડા તરફના હાઈવેથી બારેજા મુકામે પહોંચેલા અને ત્યાં ઉતરીને ભોગ બનનારને જે હોટલ બતાવી તેનુ નામ [redacted] હતી અને આ ગેસ્ટ હાઉસમાં હાજર ફરીયાદીએ રૂમ નં. ૧૧૦ બતાવેલી. હોટલના કાઉન્ટર પર હાજર ઈસમનુ નામ પુછતા પોતાનુ નામ વિકાસભાઈ હોવાનુ જણાવેલ અને વિકાસભાઈ પાસેથી ગેસ્ટ હાઉસનુ રજીસ્ટર માંગતા અને તે રજીસ્ટરની ચકાસણી કરતા રજીસ્ટરમાં તા. ૨૮/૦૬/૨૦૨૨ ના રોજની એન્ટ્રીમાં જોતા તેમાં કોઈ એન્ટ્રી નંબર જણાવેલ ન હતુ તે રજીસ્ટરમાં ૧૧૦ નંબરની રૂમ ફાળવેલ હોવાનુ જણાવેલ હતુ ત્યારબાદ હાજર ફરીયાદીએ આ રૂમ બતાવતા તે રૂમ ખોલી જોતા તે રૂમની અંદર હાજર ચીજવસ્તુઓની વિગતવાર પંચનામામાં નોંધ કરી લેવામા આવેલ.ઉપરોકત જણાવેલ બન્ને ગેસ્ટ હાઉસમાં હાજર ફરીયાદી/ભોગ બનનાર સાથે [redacted] કરેલ હોવાની હકીકત અમારી હાજરીમાં જણાવેલી. આ બન્ને ગેસ્ટ હાઉસમાં હાજર

વ્યકિતઓએ મારી હાજરીમાં પોલીસને કોઇ રજીસ્ટરના ઉતારા કે કોઇ ઓળખકાર્ડની ઝેરોક્ષ આપેલ હોય તેવુ બનેલ નથી. મને નિ.૫/૨ થી રજુ અસલ પંચનામુ બતાવવામાં આવે છે, જે પંચનામાના પ્રાથમીક તેમજ અંત ભાગે પંચ નં. ૧ તરીકે મારી સહી છે અને પંચ નં. ૨ તરીકે રાજેશભાઇ શનાભાઇ શેનવાનાઓની સહી છે, જે હું ઓળખી બતાવુ છું, જે અનુક્રમે રજુ દાખલ આંક–૧૬ થી રજુ કરેલ છે.

**(૧૮.૧)** સદર પંચ સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે,પંચનામા દરમ્યાન કોઈ ચીજ વસ્તુ કબજે કરવામાં આવેલ નથી.પંચનામાવાળી બન્ને હોટલો જાહેર જગ્યાએ છે અને તેથી ત્યાં લોકોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, અમે બોલતા હોય અને પોલીસ લખતા હોય તેવુ બનેલ નહી. એ વાત ખરી છે કે પંચાનામામાં જણાવેલ જગ્યાનો કોઈ નકશો મારી હાજરીમાં બનાવેલ નહી.તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે,તેઓ પંચનામામા બતાવ્યા મુજબના સ્થળ ગયેલ નથી અને પોલીસે તૈયાર કાગળમાં સહી લીધેલી. તેમજ એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમની રુબરુમાં ફરીયાદીએ કોઈ સ્થળ બતાવેલ હોય અને તે લગત કોઈ લખાણ કરેલ હોય તેવુ બનેલ નહી અને ફરીયાદી તેમના સગા થતા હોઈ ફરીયાદીની ખોટી ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપે છે.

**(૧૯)** ફરીયાદપક્ષે પંચ સાહેદ રણજીતભાઈ મેલાભાઈ ઠાકોરને આંક–૧૭ થી તેમજ આજ પંચનામાના બીજા પંચ સાહેદ રાજુભાઈ જયંતીભાઈ ચૌધરીને આંક–૨૩ થી તપાસેલા છે. સદર બન્ને પંચ સાહેદોએ આંક–૨૨ ના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો ના આપતા વિ.એ.પી.પીશ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે અને ત્યારબાદ તેઓ ધ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ પંચનામાની હકીકતોને સમર્થન કરતો પુરાવો

આપેલ નથી. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૨૨ નુ પંચનામુ પુરવાર થતુ નથી.

**(૨૦)** ફરીયાદપક્ષે પંચ સાહેદ કનુભાઈ મેલાભાઈ પરમારને આંક–૨૪ થી તેમજ આજ પંચનામાના બીજા પંચ સાહેદ હિતેષભાઈ હિમ્મતભાઈ ઠાકોરને આંક–૨૬ થી તપાસેલા છે. સદર બન્ને પંચ સાહેદોએ આંક–૨૫ ના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો ના આપતા વિ.એ.પી.પીશ્રીએ તેઓને ફરી ગયેલ (હોસ્ટાઈલ) જાહેર કરેલા છે અને ત્યારબાદ તેઓ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ પંચનામાની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ નથી. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૨૫ નુ પંચનામુ પુરવાર થતુ નથી.

**(૨૧)** ફરીયાદપક્ષે પંચ સાહેદ રાજેશકુમાર મગનલાલ ચૌહાણને આંક–૨૭ થી તપાસેલા છે. સદર પંચ સાહેદે આંક–૨૮ ના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો ના આપતા વિ.એ.પી.પીશ્રીએ તેઓને ફરી ગયેલ (હોસ્ટાઈલ) જાહેર કરેલા છે અને ત્યારબાદ તેઓ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં પણ પંચનામાની હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ નથી.આમ, સદર પંચ સાહેદના પુરાવાથી આંક–૨૮ નુ પંચનામુ પુરવાર થતુ નથી.

**(૨૧.૧)** સદરહું તમામ પંચોની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**<u>ફરીયાદપક્ષ સાહેદનો પુરાવો :</u>**

**(૨૨)** ફરીયાદપક્ષે સાહેદ સુરજીતસીંગ ઉર્ફે અજીત સુરેન્દ્રસીંગ શીખને આંક–૫૬ થી સોગંદ ઉપર તપાસેલ છે તેમણે જણાવેલ છે કે,તેઓ [redacted]

[redacted]ાતે ચલાવે છે. બે એક વર્ષ પહેલા તેમની હોટલ ઉપર પોલીસ આવતા તેમણે પોલીસને હોટલના રજીસ્ટરની નકલ સોપેલી તેમજ એક છોકરો છોકરી તા.૮/૬/૨૦૨૨ ના રોજ કલાક ૨–૪૦ વાગે આવેલા અને ૪–૩૦ વાગે ચેકઆઉટ કરેલ તેની નોધ જે રજીસ્ટરમાં છે તેની નકલ પોલીસને આપેલ તે આંક–૫૭ થી રજુ કરેલ છે.

**(૨૨.૧)** સદરહું સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરતા એ વાત ખરી છે કે, અમારી હોટલમાં ઘણા માણસોની અવર જવર રહે છે તેમજ હોટલમાં સી.સી.ટી.વી કેમેરા છે.પોલીસે તેમની હોટલમાંથી સી.સી.ટી.વી ફુટેજ કબજે કરેલ નથી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૮/૬/૨૦૨૨ ના રોજ તેમની હોટલમાં કોઈ બુમાબુમ કે મદદ માટે બુમો પાડેલ હોય એવુ બનેલ નહી. હોટલ તથા ગેસ્ટ હાઉસના કામકાજ માટે દશ માણસોનો સ્ટાફ છે. એ વાત ખરી છે કે રજીસ્ટરમાં વાહનની સીરીઝ લખેલ નથી તેમજ આધાર કાર્ડની નકલમાં ધારકની સહી નથી.

**(૨૩)** ફરીયાદપક્ષે સાહેદ વિકાસ બનવારીભાઈ જાંગીડને આંક–૫૮ થી સોગંદ ઉપર તપાસેલ છે તેમણે જણાવેલ છે કે,સને ૨૦૨૨ ના અરસામાં તેઓ બારેજા ખાતે આવેલ [redacted]મેનેજર તરીકે નોકરી કરતા હતા. આશરે બે વર્ષ અગાઉ તેમના ત્યાં પોલીસ આવેલી અને તેમના ગેસ્ટ હાઉસના રજીસ્ટર માંગેલ અને તેની ઝેરોક્ષ લઈને ગયેલા જે જોઈને જણાવે છે કે, તેમના રજીસ્ટરના અનુક્રમ નં.૪૮ થી તા.૨૮/૬/૨૦૨૨ ના રોજ ૧–૪૫ કલાકે આવેલ અને ૪–૩૫ કલાકે ચેક આઉટ કરેલ જેઓને ૧૧૦ નંબરની રુમ ફાળવેલી હતી જે રજીસ્ટરની નકલ આંક–૫૯ થી રજુ કરેલ છે.

**(૨૩.૧)** સદરહું સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરતા એ વાત ખરી છે કે,તેમની હોટલમાં ઘણા માણસોની અવર જવર રહે છે.તેમજ

હોટલમાં સી.સી. ટીવી કેમેરા છે. પોલીસે તેમની હોટલમાંથી સી.સી.ટી.વી ફુટેજ કબજે કરેલ નથી. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૨૮/૬/૨૦૨૨ ના રોજ તેમની હોટલમાં કોઈ બુમાબુમ કે મદદ માટે બુમો પાડેલ હોય એવુ બનેલ નહી. હોટલ તથા ગેસ્ટ હાઉસના કામકાજ માટે ત્રણ માણસોનો સ્ટાફ છે. એ વાત ખરી છે કે રજીસ્ટરમાં બે વ્યકિતઓના નામ લખવામાં આવેલ છે પરંતુ એકજ વ્યકિતના આધાર કાર્ડનો નંબર લખવામાં આવેલ છે.

__પી.એસ.ઓ.નો પુરાવો :__

**(૨૪)** ફરિયાદપક્ષે સાહેદ જનકસિંહ રામાભાઈ સણોલને આંક-૬૦ થી સોગંદ ઉપર તપાસેલ છે. સાહેદ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,તેઓ તા.૦૭/૦૯/૨૦૨૨ નાં રોજ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરિયાદી/ભોગ બનનાર પી.એસ.આઈ. આર.ડી.ચૌધરી રુબરુની ફરીયાદ ગુનો દાખલ થવા સારુ તેમની તરફ આવતા તેમણે ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુનાર રજી. નં.૩૯૩/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ- ૩૭૬(૨)(એન) મુજબનો ગુનો નોંધેલ જે સ્ટેશન ડાયરીમાં પાન નં.૯૭ અનુક્રમ નં૦૯ ઉપર નોંધ કરેલ તેમજ આગળની તપાસ પી.એસ.આઈ. આર.ડી.ચૌધરીને સોંપેલી. જે સ્ટેશન ડાયરીની નકલ આંક-૬૧ થી રજુ કરેલ છે.

**(૨૪.૧)** સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે ગુનો નોંધ્યા સિવાય બીજી કોઈ કાર્યવાહી કે તપાસ કરેલ નથી.

__ત.ક.અમલદારનો પુરાવો :__

**(૨૫)** ફરીયાદપક્ષે તપાસ કરનાર અમલદાર રીના ધર્મેન્દ્રસિંહ ચૌધરીને આંક-૭૪ થી તપાસેલ છે તેમણે જણાવેલ છે કે,તા.૭/૯/૨૦૨૨ ના રોજ પી.એસ.આઈ તરીકે ખેડા ટાઉનમાં હાજર હતા ત્યારે ફરીયાદીએ તેમની ફરીયાદ

હકીકત જાહેર કરતા ફરીયાદ લખી લીધેલી અને ફરીયાદ નોધ્યા બાદ સદર ગુનો દાખલ કરવા પી.એસ.ઓ તરફ મોકલી આપતા ખેડા ટાઉન ફ.ગુ.ર.નં .૩૯૩/૨૦૨૨ ઈ.પી.કો. કલમ–૩૭૬(૨)(એન) મુજબના ગુનાની તપાસ મળતા તેમણે આરોપીની શરીર સ્થિતિનુ તથા કપડા કબજે કર્યાનુ પંચનામુ કરેલ તેમજ એક મોબાઈલ કબજે કરેલો તેમજ ગુનામાં વપરાયેલ મોટર સાયકલ કબજે કરેલ અને સદર કેસ[redacted]લગતો હોઈ આગળની તપાસ આઈ.યુ.સી.એ.ડબલ્યુ. યુનીટ, ખેડા નડીઆદને સોપેલો.

**(૨૫.૧)** સદર ત.ક.અમલદારની આરોપીના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાત ખરી છે કે, ફરીયાદી પુખ્ત ઉંમરના હતા અને ફરીયાદીએ કોઈ બુમાબુમ કરેલ હોય કે નાસી જવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ લખાવેલ નથી કે તેવી વિગત તેમની તપાસમાં જણાઈ આવેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદી અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોવાનુ જણાઈ આવેલ. એ વાત ખરી છે કે આરોપીની માતાએ કયારે, કઈ તારીખે કેટલા વાગે ધમકી આપી તે વિગત ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે તા.૮/૬/૨૦૨૨ ના રોજ ફરીયાદીને [redacted] જવા માટે મજબુર કરવામાં આવેલ હોય તેવી વિગત ફરીયાદમાં લખાવેલ નથી. તેમજ ફરીયાદીને અપહરણ કરીને લઈ ગયેલ હોય તેવી વિગત પણ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, તા.૮/૬/૨૦૨૨ ના રોજ ફરીયાદીએ[redacted] કે [redacted] જવા માટે આનાકાની કરી હોય તેવી વિગત ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં [redacted]હાઉસમાં ગયેલાની વિગત લખાવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં તા.૨૮/૬/૨૦૨૨ ના રોજ ધમકી આપેલ હોય,બ્લેકમેલ કરેલ હોય અને[redacted]ચોકડી બોલાવવામાં આવેલ હોય તેવી વિગત લખાવેલ નથી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે ફરીયાદીની

ફરીયાદ તથા સાહેદોના નિવેદનો જાતે લખી લીધેલા.

**(૨૬)** ત્યારબાદ ફરીયાદપક્ષે ત.ક.અમલદાર નિતીનકુમાર મનહરલાલ પંચાલ તેમની આંક-૬૨ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૨ માં તેઓ આઈ.યુ.સી.એ.ડબલ્યુ. યુનીટ, ખેડા નડીઆદમાં પી.આઈ. તરીકે ફરજ પર હાજર હતા ત્યારે ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૯૩/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમ-૩૭૬(૨)(એન) મુજબના ગુનાની તપાસ તેમને મળતા તેમણે તપાસ સંભાળી લીધેલી અને પંચોની હાજરીમાં પંચનામુ કરેલુ તેમજ ભોગ બનનાર અને આરોપી જે હોટલોમાં રોકાયેલા તેના રજીસ્ટરની નકલો મેળવેલી ભોગ બનનારનુ સી.આર.પી.સી. કલમ-૧૬૪ નુ નિવેદન નોંધવા માટે જયુ.મેજી.ફ.ક.શ્રીને યાદી કરેલી તેમજ ભોગ બનનાર અને આરોપીના મેડીકલ સર્ટીફીકેટ મેળવેલા તેમજ એફ.એસ.એલ.ને યાદી કરેલી અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જશીટ કરેલુ.

**(૨૬.૧)** સદરહું સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રીએ ઉલટ તપાસ કરતા એ વાત ખરી છે કે ફરીયાદીનુ નિવેદન તેમણે નોધેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદીએ કયાંય બુમાબુમ કરી હોય કે નાસી ભાગી જવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ મારી તપાસમાં ખુલેલુ નહી. એ વાત ખરી છે કે તેમની તપાસમાં ફરીયાદ વિલંબથી આપવા અંગેનો કોઈ ખુલાસો રજુ થયેલો નહી. એ વાત ખરી છે કે આરોપીની માતાએ ફરીયાદીને કઈ જગ્યાએ, કઈ તારીખે અને સમયે ધમકી આપેલ તે જાહેર થયેલ નહી. એ વાત ખરી છે કે તેમની તપાસમાં ફરીયાદીનુ અપહરણ થયેલાનુ ખુલેલ નહી. એ વાત ખરી નથી કે આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**(૨૬.૨)** ઉપરોકત તપાસનીશ અધિકારીશ્રીનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ફરીયાદીની ફરીયાદ લઈ તેઓએ ગુનાને લગતી તપાસ કરેલ હોવાનું અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ છે. વિશેષમાં આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં તેઓએ ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો ચિતાર રજુ કરેલ છે. તપાસ દરમ્યાન કબજે કરવામાં આવેલ આરોપીના મુદામાલ કપડા, એફ.એસ.એલ. રીપોર્ટ જોવામાં આવે તો મુદ્દામાલ કપડા ઉપર રૂધિર કે વીર્યની હાજરી મળી આવેલ નથી.

**(૨૭)** આમ, ઉપરોકત વિગતે તપાસ કરનાર અમલદારનો ઉપરોકત પૂરાવો જોવામાં આવતા આ કામના ભોગ બનનાર અને આરોપીને મેડીકલ તપાસ થયેલાની હકીકતને પણ પુષ્ટી મળે છે અને મેડીકલ તપાસ દરમ્યાન ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામના ભોગ બનનાર ઉપર આરોપી તરફથી કોઈ શારીરીક બળપ્રયોગથી શારીરીક સંબંધ બાંધેલ હોવાની હકીકતને પુષ્ટી મળતી નથી.

**(૨૮)** આમ, ફરીયાદપક્ષ તરફથી જે પૂરાવો રજૂ થયેલ છે તે સમગ્ર પૂરાવાને કાળજીપૂર્વક ધ્યાને લેવામાં આવે તો સૌ પ્રથમ ભોગ બનનારને આંક–૧૦ થી ફરીયાદપક્ષે તપાસેલા છે તેઓ તેમના પુરાવામાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો પુરાવો આપેલો છે અને તેમાં આ કામના આરોપીએ તેણીને ફોન કરતા તેણી તેની સાથે બાઈક ઉપર બેસી તેમજ રીક્ષામાં બેસીને હોટલમાં ગયેલા છે અને તે દરમ્યાન આ કામના આરોપીએ તેણીની સાથે તેણીની ઈચ્છા વિરુધ્ધ જબરજસ્તીથી [redacted] બાંધેલ હોવાની અને તેણીને આરોપીની માતાએ આરોપી સાથે લગ્ન કરવાની અને જો લગ્ન ના કરે તો આરોપી દવા પી લ ેશે તેવી ધમકી આપેલ હોવાની હકીકત જણાવેલી છે પરંતુ સદર કામે બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેતા એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે,

આરોપી તેણીને જબરજસ્તીથી લઈ જતા તેવી વિગત તેના માતા પિતાને જણાવેલી નથી કે કોઈ ફરીયાદ કરેલ નથી કે સી.આર.પી.સી. કલમ–૧૬૪ના નિવેદનમાં સદર હકીકત જણાવેલ નથી. આ કામના આરોપીએ તેણીને મોબાઈલ આપેલો છે. તા.૮/૬/૨૦૨૨ ના બનાવની ફરીયાદ તા. ૬/૯/૨૦૨૨ ના રોજ આપેલ છે.વધુમાં એ હકીકતનો પણ સ્વિકાર કરેલ છે કે, '' એ વાત ખરી છે કે [redacted] યા બાદ હોટલના કોઈ વ્યકિતને ફરીયાદ કરેલ નથી કે કોઈ હોબાળો કે બુમાબુમ કરેલ નથી. આરોપીને ધકકો મારેલ નથી. બચકા ભરેલ નથી કે બચવાની કોશિષ કરેલ નથી.

(૨૯) આમ, ઉપરોકત ફરીયાદી/ભોગ બનનારની હકીકતો ધ્યાને લેતા ભોગ બનનાર જાતે આરોપી સાથે મોટર સાયકલ અને રીક્ષામાં બેસી હોટલમાં ગયેલા છે અને આ દરમ્યાન બન્ને વચ્ચે [redacted] અને આ સમય દરમ્યાન ભોગ બનનારે તેનો કોઈપણ પ્રકારનો પ્રતિકાર કરેલો નથી પરંતુ જો આ કામના આરોપી તેણીને ધાક ધમકીથી કે બ્લેક મેલ કરી જબરજસ્તીથી હોટલમાં લઈ જતા હોત તો તેણીએ પ્રથમ વખત ગયા બાદ તુરંતજ તેની સાથે બનેલ બનાવની ફરીયાદ આપવી જોઈએ પરંતુ ભોગ બનનાર બીજી વખત પણ તેની સાથે હોટલમાં ગયેલા છે અને [redacted] ત્યાં પણ કોઈ પ્રતિકાર કરેલો નથી અને ત્રણ માસ જેટલા લાંબા સમય બાદ ફરીયાદ આપેલ છે અને સદર કામે રજુ થયેલ મેડીકલ પુરાવો ધ્યાને લેતા પણ ભોગ બનનારના શરીર ઉપર કોઈ જોરજુલમના કે ઈજાના નિશાન જણાઈ આવેલા નથી જેથી પણ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સાથે કોઈ જબરજસ્તી કરી [redacted] ાંધેલ હોય તે હકીકતને ભોગ બનનારના પુરાવાથી પુષ્ટી મળતી નથી.

**(૩૦)** આ કામે ફરીયાદી/ભોગ બનનાર પોતે જ એક માત્ર બનાવના નજરે જોનાર સાહેદ છે અને તેમના પુરાવા મુજબ આરોપીએ ફરીયાદી/ભોગ બનનાર સાથે તા.૮/૬/૨૦૨૨ ના રોજ [redacted] તથા તા.૨૮/૬/૨૦૨૨ ના રોજ બારેજા ખાતે આવેલ [redacted] લઈ જઈ ફરીયાદી/ભોગ બનનાર સાથે અવાર નવાર ફરીયાદી/ભોગ બનનારની મરજી વિરુધ્ધ [redacted] અને તેણીની સાથે જબરજસ્તી કરેલ હોય તેવી જે હકીકત રજૂ કરેલ છે તે હકીકતને ડોકટર સાહેદ કે અન્ય સાહેદોના કે એફ.એસ.એલ.ના પુરાવાથી કોઈ સમર્થન મળતુ નથી.

**(૩૧)** વધુમાં ફરીયાદપક્ષે આ કામે ફરીયાદી/ભોગબનાનાર તથા આરોપીની મેડીકલ તપાસ કરનાર (૧) ડો.મનીષકુમાર ભીખાલાલ પટેલ (૨) ડો.હેતલ ચિનુભાઈ પટેલ (૩) ડો.પતંજલી વિજય દ્વિવેદી તથા (૪) ડો.ઉષાબેન રેવાભાઈ પરમારને તપાસેલ છે આ તમામ ડોકટર સાહેદોએ જણાવેલ છે કે તેમણે ફરીયાદી/ભોગ બનનારની શારીરીક તપાસણી કરેલી તે તપાસણી દરમ્યાન તેમણે તેમના અવલોકનો કેસ પેપર્સમાં નોધેલા અને તેમની તપાસ દરમ્યાન ફરીયાદી/ભોગ બનનારના શરીરે કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલ નહી તેમજ તેમના અભિપ્રાય મુજબ ભોગ બનનાર ઉપર કોઈ જોરજુલમના નિશાન જણાઈ આવેલ નહી. તેમજ સદરહું સાહેદે આરોપીની પણ શારીરિક તપાસણી કરેલી અને તેની તપાસણી દરમ્યાન હીસ્ટ્રી લીધેલી અને તેમની તપાસના અવલોકનો કેસ પેપર્સમાં નોધેલા ભોગ બનનારના શરીર ઉપર કોઈ ઈજાના નિશાન જણાઈ આવેલ નહી. સદરહું સાહેદે બચાવપક્ષની ઉલટ તપાસમાં પણ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,ભોગબનનરના શરીરે આંતરીક કે બાહય દેખીતી ઈજા જણાયેલ નહી તેમજ ભોગ બનનારે તેની સાથે કોઈ જોર જબરજસ્તી થયેલ હોવાનુ જણાવેલ નથી. જેથી ભોગ

બનનાર/ફરીયાદી જણાવે છે તેવો કોઈ બનાવ તેની સાથે બનેલ હોવાનુ ડોકટર સાહેદના પુરાવાથી બહાર આવતુ નથી.

**(૩૨)** વધુમાં ફરીયાદપક્ષે આ કામે સુરજીતસીંગ ઉર્ફે અજીત સુરેન્દ્રસીંગ શીખને આંક–૫૬ થી તથા વિકાસ બનવારીભાઈ જાગીડને આંક–૫૮ થી તપાસેલ છે આ બન્ને સાહેદો બનાવવાળી જગ્યાના એટલેકે ગેસ્ટ હાઉસના માલીક/મેનેજર છે તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓ જણાવે છે કે તેઓની હોટલમાં બનાવ તારીખે ભોગ બનનાર અને આરોપી આવેલા અને રુમ રાખીને રોકાયેલા હોવાની હકીકતને સમર્થન કરે છે પરંતુ હાલના આરોપી ભોગ બનનાર/ફરીયાદીને બળજબરીપૂર્વક લાવેલ હોય અને આરોપીને તેણીની સાથે જબરજસ્તીથી શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી કોઈ ફરીયાદ કે રજુઆત ભોગ બનનારે આ બન્ને સાહેદોની સમક્ષ કરેલ નથી. જેથી સદરહું સાહેદના પુરાવાથી ફરીયાદી/ભોગ બનનાર અને આરોપી હોટલમાં રોકાવા જતા હતા પરંતુ આ સમય દરમ્યાન આરોપીએ ફરીયાદી/ભોગ બનનાર સાથે [redacted] બાંધેલો હોય તેવો કોઈ નકકર પુરાવો સદરહું સાહેદના પુરાવાથી બહાર આવતો નથી.

**(૩૩)** વધુમાં ફરીયાદપક્ષે આ કામે તપાસ કરનાર અમલદાર રીના ધર્મેન્દ્રસિંહ ચૌધરી તથા નિતીનકુમાર મનહરકુમાર પંચાલને તપાસેલ છે તેમણે તેમની તપાસને અનુરુપ પુરાવો આપેલ છે પરંતુ સદર કામે તપાસેલા ભોગ બનનાર/ફરીયાદીનો પુરાવો ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તટસ્થ,વિશ્વસનીય જણાઈ આવતો ન હોય જેથી એક માત્ર તપાસ કરનાર અમલદારના પુરાવાના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૬૮ થી એફ.એસ.એલ અહેવાલ રજુ થયેલ છે જે જોતાં પણ ફરીયાદી/ભોગ બનનાર તથા આરોપીના કપડા ઉપરથી કોઈ રુધિર, વીર્ય કે લાળના ડાઘ મળી

આવેલા નથી. આમ, સાયન્ટીફીક પુરાવાથી પણ ફરીયાદી/ભોગ બનનાર સાથે આરોપીએ શારીરીક સંબંધ બાંધેલ હોવાની હકીકતને પુષ્ટી મળતી નથી.

વધુમાં આ કામે પંચ સાહેદો પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોવાનુ તેઓના પુરાવાથી જણાઈ આવે છે. જેથી પંચનામા પણ પુરવાર થતા નથી.

**(૩૪)** આમ, ફરીયાદપક્ષના ફરમાવેલ તહોમતનામા મુજબ આરોપીએ તા.૦૮/૦૬/૨૦૨૨ ના રોજ [redacted] હાઉસમાં લઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી ન હોવા છતાં તેણીની સાથે [redacted] કરી તેમજ તા.૨૮/૦૬/૨૦૨૨ ના રોજ આરોપીએ ફરીયાદી ભોગ બનનારને કહેલ કે,''[redacted] મે મારા મોબાઈલમાં પાડેલ તારે જોવા હોય તો બારેજા ચોકડી આવી જા'' તેમ કહી ફરીયાદી/ભોગ બનનારને [redacted] લઈ જઈ ફરીયાદી ભોગ બનનારની મરજી વિરુધ્ધ અવાર નવાર [redacted] કરી ગુનો કરેલાની જે હકીકત રજૂ કરેલ છે તે હકીકતને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી કે પંચ સાહેદોના પુરાવાથી કે મેડીકલ પુરાવાથી કે સાયન્ટીફીક પુરાવાથી સમર્થન મળતુ નથી ત્યારે આ સમગ્ર પૂરાવો ધ્યાનમાં લેતાં પૂરાવાની કડી પરસ્પર એક બીજી કડીને મળીને સંપૂર્ણ સાંકળ થવી જોઈએ તે ન થતાં તેમાં અનેક ત્રુટીઓ રહેલ હોવાનુ જણાય છે જેથી અત્રેની અદાલત એવા તારણ ઉપર આવે છે કે ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પૂરવાર કરવામાં સફળ રહેલ ન હોય, જેથી મુદ્દા નં.૧ નો જવાબ આથી **નકારમાં** આપી, મુદ્દા નં.૨ નો આખરી હુકમ ન્યાયના હિતમાં નીચે મુજબનો કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**(૧)** આ કામના આરોપી **ઠાકોરભાઈ ઉર્ફે જયદીપભાઈ રમણલાલ પરમાર** રહે.ગોબલજ રોહિતવાસ,તા.જી.ખેડાનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે તેઓની સામેના **ઈન્ડીયન પીનલ કોડની કલમ-૩૭૬(૨)(એન)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ મોટર સાયકલ નં .જી.જે.૦૭.સી.એસ.૫૮૨૩ અંગે અગાઉ કરવામાં આવેલ હુંકમ અપીલ સમય બાદ કાયમ કરવામાં આવે છે તેમજ સદર કામે કબજે કરવામાં આવેલ મોબાઈલ અંગે અગાઉ કોઈ હુકમ થયેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમ કરવામાં આવે છે અન્યથા સદર મુદ્દામાલ મોબાઈલના મુળ માલિકની ખરાઈ કરી અપીલ સમય બાદ તેને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે અને બાકીના બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુંકમ કરવામાં આવે છે.

**(૩)** આરોપીના અગાઉના જામીન ખત રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરાના) જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૮મી માહ-ઓગસ્ટ, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :-૨૮/૦૮/૨૦૨૫ **(પ્રકાશકુમાર પી. પુરોહિત)**

નડીયાદ.

આર.બી.ગોસ્વામી

ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
ખેડા–મુ.નડીયાદ.
(GJ00685)